**મહેરબાન એડી.ચીફ જયુડિશીયલ મેજીસ્ટસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામઃ દિયોદર.**

**ક્રિ.કેસ નંબરઃ ૧/૨૦૧૯**

**ફરીયાદી**: શ્રી સરકાર.

**– વિરુધ્ધ –**

**આરોપી**: ભરતભાઈ ભુરાભાઈ દેસાઈ,
ઉ.વ.૨૮, ધંધો–ખેતી,
રહે.શ્રીનાથ સીટી સોસાયટી,દિયોદર,તા.દિયોદર,
મૂળ રહે.ભડકાસર,તા.દિયોદર,જિ.બનાસકાંઠા.

**ગુનો**:– ઈ.પી.કો.કલમ–૩૦૬,૨૯૪(ખ),૫૦૬(૨) તથા મની લેન્ડર્સ એકટ કલમ–૫(૧),૩૩(૩) મુજબ.

––––––––––

**: કમીટલ ઓર્ડર :**

(૧) ફરિયાદપક્ષે આ કામના આરોપી સામે દિયોદર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૮૯/૧૮ ,તા.૨૯–૧૧–૧૮ અન્વયે ઈ.પી.કો.કલમ–૩૦૬,૨૯૪(ખ),૫૦૬(૨) તથા મની લેન્ડર્સ એકટ કલમ–૫(૧),૩૩(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.સદર આરોપી સામેનું તહોમત જોતાં ઈ.પી.કો.કલમ–૩૦૬ મુજબનો ગુનો સેશન્સ ટ્રાયેબલ હોઈ આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા નામદાર સેશન્સ અદાલત હકુમત ધરાવે છે.અત્રેની અદાલતને સદર કેસની ટ્રાયલ ચલાવવા હકુમત ન હોઈ સબબ, આ કેસ નામદાર સેશન્સ અદાલત તરફ કમીટ કરવા માટેનાં વાજબી અને પૂરતાં કારણો છે.

(૨) આ કામના આરોપીનો જવાબ નોંધી આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરવામાં આવેલ છે તેમજ આરોપીએ તેના જવાબમાં તેઓ નામદાર સેશન્સ અદાલતમાં સ્વખર્ચે વકીલ રોકવાનું જાહેર કરેલ છે.આરોપી જામીન ઉપર

મુકત છે જેથી તેના જામીનદારે પુરસીસ આપી તેઓ નામદાર સેશન્સ અદાલતમાં પણ આરોપીના જામીન તરીકે ચાલુ રહેવા ખુશી બતાવે છે,તે મતલબની પુરસીસ આરોપીના જામીનદારે આપેલી છે.

(૩) આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ જોતાં હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા એકમાત્ર નામદાર સેશન્સ અદાલતને હોય, આરોપી વિરુધ્ધનો કેસ ઈન્સાફી કાર્યવાહી સારું નામદાર સેશન્સ કોર્ટ તરફ કમીટ કરવાનું યોગ્ય,વ્યાજબી અને ન્યાયી જણાતું હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

<u>હુ ક મ</u>

ક્રિ.પ્રો.કો.ક.૨૦૯ અન્વયે, આરોપી વિરુધ્ધનો આ ક્રિમીનલ કેસ નંબર ૦૧/૨૦૧૯ ના.સેશન્સ કોર્ટ, બનાસકાંઠા જીલ્લા,દિયોદર તરફ કમીટ કરવામાં આવે છે.

આ કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ ના.સેશન્સ કોર્ટ, બનાસકાંઠા, દિયોદરને સત્વરે મોકલી આપવો.

આ કેસ કમીટ થયાની જાણ વિ.પબ્લીક પ્રોસીકયુટરશ્રી દિયોદરને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.દિયોદર.
તા.૦૯/૦૪/૨૦૧૯.

(રિન્કુ અજેન્દ્રપાલ સિંઘ)
એડી.ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ,દિયોદર
કોડ નં.જી.જે.૦૧૦૮૯